INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

**<u>અખબારી યાદી</u>** **<u>તા. 23-10-2024</u>**

રાજ્યમાં ચાલુ વર્ષે કુદરત રૂઠી છે ત્યારે ગુજરાતનાં ખેડૂતોને એક લાખ કરોડ જેટલા નુકશાન સામે નજીવી સહાયનાં નામે મોટી જાહેરાતનો ઢોલ પિટતી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અને રાજ્યસભા સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે રાજ્યમાં પહેલા અતિવૃષ્ટિ અને ત્યારબાદ કમોસમી વરસાદે ખેડૂતોની આખા વર્ષની મહેનત, તેના સપના, અરમાન પર પાણી ફેરવી નાખ્યું છે ત્યારે સરકાર પણ જાણે ખેડૂતોથી વિમુખ થઈ ગઈ હોય એ રીતે પાંચ પંદર હજાર સહાય આપી ખેડૂતોની મજાક કરી રહી છે. સરકારે ઉદાર હાથે જગતના તાતને ઉગારવા મદદ કરવી જોઈતી હતી. પરંતુ ખેડૂતોની મુશ્કેલી સમયે સરકાર મોઢું ફેરવી લીધું છે. જગતના તાતને નુકસાન અનેક ઘણું થયું છે. ત્યારે ખેડૂત અને ખેતીને બચાવવા સરકાર ૧૦૦૦૦ કરોડ રૂપિયા નું પેકેજ આપ્યું હોત તો ખેડુત-ખેતીને બચાવી શકાય. ઉદ્યોગપતિઓના ૩૦ લાખ કરોડ રૂપિયા માફ કરનારી ભાજપ સરકાર ખેડૂતો પ્રત્યે દરેક વખતે કેમ ઓરમાયું વર્તન રાખે છે? અત્યારે ખેડૂતોના તૈયાર પાકના પથારાઓ તરી રહ્યા છે પહેલા અતિવૃષ્ટિ અને ત્યારબાદ કમોસમી વરસાદના કારણે ખેડૂતોના મોઢામાં આવેલો કોળિયો કુદરતે છીનવી લીધો છે અત્યારે ખેડૂતો રાતે પાણીએ રોઈ રહયા છે ખેડૂતોની આવી દયનિય સ્થિતિ હોવા છતાં ખેડૂતોની વાત સરકાર સુધી પહોંચતી નથી કે સરકાર સાંભળવા માંગતી નથી કુદરત કોઈના કન્ટ્રોલમાં નથી પણ સરકારે તો સાંભળવું જોઈએ કે નહીં ?

ગુજરાતમાં ખેડૂતોને કુદરતી આપતી સામે રક્ષણ આપતી એકપણ યોજના અમલમાં નથી. 140% થી વધારે વરસાદ હોવા છતાં લીલો દુષ્કાળ કેમ જાહેર કરતા નથી અમે ખેડૂતોનો હક્ક માંગીએ છીએ ભીખ નથી માંગી રહયા. ભાજપ સરકારની નીતિ ખેડૂતોના ભોગે ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની છે ખેડૂતોની જમીન છીનવી લઈ ઉદ્યોગકારોને જમીન આપવાનો મોટો કારસો ભાજપ સરકાર કરી રહી છે ભાજપ સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં ઉદ્યોગપતિઓના ૩૦ લાખ કરોડ માફ કર્યા છે તો ખેડૂતોનું દેવું માફ શા માટે કરવામાં આવતું નથી?

ગુજરાતમાં 104 તાલુકામાં નિયમોનુંસાર લીલો દુષ્કાળ જાહેર થવા પાત્ર હોવા છતાં સરકાર લીલો દુષ્કાળ જાહેર કરતી નથી. ખેડૂતોનાં મુશ્કેલ સમયમાં તેમને મળવા પાત્ર યોગ્ય વળતર આપવામાં આવે અને પાક ધિરાણ સામે કોઈ ઉપજ નથી થવાની ત્યારે સંપૂર્ણ પાક ધિરાણ માફ કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

હિરેન બેન્કર

હિરેન બેન્કર
પ્રવક્તા, ગુજરાત કોંગ્રેસ